# હું માનવી માનવ થાઉં તો ઘણું

**– સુધા મૂર્તિ**

ધનગુપ્ત નામના ખૂબ જાણીતા વેપારી હતા. તેમના ઘેર મોટી ઉંમરે એક દીકરાનો જન્મ થયો હતો. દીકરો સાત ખોટનો હોવાથી તેને ખૂબ જ લાડકોડમાં ઉછેરવામાં આવ્યો હતો. ધનગુપ્તે ખૂબ પ્રેમથી તેનું નામ યશોધન પાડયું. યશોધનના ઉછેરમાં ધનગુપ્તે ખૂબ કાળજી લીધી હતી.

જ્યારે યશોધન મોટો થયો ત્યારે તેના લગ્ન માટે સુશીલ કન્યાની શોધ શરૂ થઈ. યશોધને તેના પિતાને કહ્યું, ‘પિતાજી, મારા માટે હું જાતે જ કન્યા શોધીશ. મારે અત્યંત હોશિયાર છોકરી સાથે લગ્ન કરવાં છે. વળી, તે ઉડાઉ ન હોવી જોઈએ. મારી કમાણી સાચવીને તેમાં વધારો કરે તેવી કન્યા સાથે જ હું લગ્ન કરીશ. મને એક રથ, એક ચાકર અને ચાર ઘોડા આપો. હું આપણા આખા રાજ્યમાં ફરીને મારી મનપસંદ કન્યા શોધી લાવીશ.’

ધનગુપ્તને તો યશોધન ખૂબ લાડકો અને એકનો એક પુત્ર હતો ! તેમણે તરત જ યશોધનને ચાર ઘોડા, રથ અને વિશ્વાસુ નોકર આપી દીધા. આમ, યશોધન મનગમતી કન્યાની તપાસમાં નીકળી પડયો. તેણે પોતાની સાથે એક કોથળો છડયા વગરના ચોખા લીધા હતા. દેશભરમાં ફરીને તે ઘણી કુમારિકાઓને તથા તેમના પિતાને મળ્યો, પરંતુ દરેક કન્યાની સામે તે એક જ શરત મૂકતો : ‘હું તારી સાથે જ લગ્ન કરીશ. પરંતુ આ એક કોથળો ચોખામાંથી જ મને દાળ, ભાત, શાક અને દહીંનું જમણ ખવડાવવું પડશે. જો તું એ બનાવી શકે તો જ હું તારી સાથે લગ્ન કરીશ.’

મોટાભાગની છોકરીઓ તો આવી વિચિત્ર શરત સાંભળીને જ પાછી ફરતી. જેણે પ્રયત્ન કર્યો તેમાંથી એકેય કન્યાને સફળતા ન મળી. આમ ને આમ ઘણા મહિના વીતી ગયા પછી યશોધન એક નાનકડા ગામમાં આવ્યો. ગામમાં પેસતાં જ એક નાનું પરંતુ ખૂબ જ ચોખ્ખું અને તાજાં ફૂલોથી શણગારેલું ઘર તેણે જોયું. ઘરની બહાર વરંડામાં એક વૃદ્ધ અને તેમની દીકરી બેઠા હતાં. કન્યા ખૂબ સુંદર ન હતી. પરંતુ તેની આંખની કીકી ખૂબ જ કાળી અને ચમકતી હતી. યશોધનને એ છોકરી જોતાંની સાથે જ આશા બંધાઈ ! છોકરી દેખાવમાં ચપળ અને હોશિયાર લાગતી હતી. યશોધને એ છોકરીના પિતાજી પાસે પોતાની લગ્ન માટેની કન્યાની શોધની અને પોતાની બધી શરતોની વાત કરી. છોકરી હસી પડી અને બોલી, ‘એમાં શી મોટી વાત છે ? તમે હાથ–પગ ધોઈને સહેજ આરામ કરો, ત્યાં સુધીમાં હું બધી જ તૈયારી કરું છું.’



યશોધનને ખૂબ નવાઈ લાગી. આ છોકરી બધી શરતોનું પાલન કરી શકશે ? તે ખૂબ થાકેલો હતો તેથી ત્યાં જ ઊંઘી ગયો. થોડા જ વખતમાં એ છોકરી યશોધનને જમવા માટે બોલાવવા આવી. યશોધન હાથ ધોઈને જમવા બેઠો. થાળીમાંની વાનગીઓ જોઈને એ આશ્ચર્યચકિત થઈ ગયો. સરસ મજાનો છૂટો ભાત, બે જાતનાં શાક, ગરમાગરમ દાળ અને વાટકો ભરીને દહીં ! યશોધને તરત જ એ છોકરીને પૂછ્યું, 'તેં શો જાદુ કર્યો ?'

છોકરી બોલી, 'તમે મને ફોતરાં સાથેના ચોખા આપ્યા હતા. સૌથી પહેલાં તો મેં ચોખાને છડીને તેમાંથી ફોતરાં દૂર કર્યાં. અમારા ગામના સોનીને દાગીના સાફ કરવા ચોખાનાં ફોતરાંની હંમેશાં જરૂર હોય છે તેથી મેં તેને ફોતરાં વેચીને તે પૈસામાંથી તેલ અને શાકભાજી લીધાં. પછી મેં ભાત રાંધ્યો. ભાત ઘણો વધારે હતો તેથી તે વેચીને હું દહીં અને ઘી લાવી. એમાંથી મેં આ થાળી તૈયાર કરી.'

યશોધને કહ્યું, 'હું આપણા દેશના સૌથી ધનિક વેપારી ધનગુપ્તનો પુત્ર છું. હું તારી સાથે લગ્ન કરીશ.'

છોકરી ખૂબ સ્વમાની હતી. તે તો અદબ વાળીને તેની સામે ઊભી રહીને બોલી, 'તમે મારી સાથે ભલે લગ્ન કરવા ઇચ્છતા હો, પરંતુ હું તમારી સાથે લગ્ન કરવા માંગતી નથી. તમારા ઘોડા ભૂખ્યા છે, તમારો નોકર ભૂખ્યો છે, તમે તેમનો વિચાર કર્યા વગર જ બધું ખાઈ ગયા ? તમે તો મને

ફક્ત તમારે માટે રસોઈ બનાવવાનું કહ્યું હતું. એ બધા પણ ભૂખ્યા છે. મારી સાથે લગ્ન કરવું હશે તો તમારે દયાળુ બનવું પડશે અને બીજાનો વિચાર કરતાં શીખવું પડશે. માનવતા કેળવવી પડશે.’

યશોધન શરમાઈ ગયો. તે ખાલી હાથે પાછો આવ્યો. સારા માનવી બનવા માટે તેણે ઘણી મહેનત કરવી પડી. છએક મહિના પછી તે ફરીથી પગે ચાલીને એ કન્યાના ઘેર આવ્યો. એ ગુણવાન કન્યાના પિતા સમક્ષ તેણે છોકરીનો હાથ માંગ્યો. છોકરી પણ યશોધનના મોઢા સામે જોઈને જ પામી ગઈ કે આ એક બદલાયેલી વ્યક્તિ છે. અતિ દયાળુ અને નમ્ર. તેણે લગ્ન માટે હા ભણી.

યશોધન અને તેની ગુણવાન પત્નીએ પોતાના પિતાના ધંધાનો ખૂબ વિકાસ કર્યો અને ઘણાં સત્કાર્યો પણ કર્યાં.

■